પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૬૨ | ૨૨ ઓગસ્ટ, ૨૦૧૯, ગુરુવાર; શ્રાવણ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# અંતે, ચિદમ્બરમની ધરપકડ

**વિસ્તૃત પુછપરછ બાદ પૂર્વપ્રધાન ચિદમ્બરમની મોડી રાત્રે ધરપકડ : ચિદમ્બરમના આવાસ ઉપર મોડી રાત્રે હાઈડ્રામાબાજીની સ્થિતિ : ચિદમ્બરમના આવાસ પર પહોંચેલી સીબીઆઈ અને ઈડીના અધિકારીઓની સાથે કોંગ્રેસના કેટલાક કાર્યકરની જોરદાર મારામારી : ભારે તગંદીલી ફેલાઈ**



નવી દિલ્હી, તા. ૨૧

પૂર્વકેન્દ્રિય નાણામંત્રી ચિદમ્બરમની આખરે મોડી રાત્રે પુછપરછ બાદ તેમના આવસ પરથી ધરપકડ કરી લેવાઈ હતી. આની સાથે જ હાઈડ્રામાબાજીનો અંત આવ્યો હતો. તે પહેલા પૂર્વ નાણામંત્રીની આવાસ પર હાઈડ્રામાની સ્થિતિ જોવા મળી હતી. સીબીઆઈ અને ઈડીના અધિકારીઓ ચિદમ્બરમના આવાસ પર પહોંચ્યા હતા. જોકે, ચિદમ્બરમના આવાસ ઉપર તપાસ અધિકારીઓને સહકાર ન મળતા એક ટીમ દીવાલ કુદીને ચિદમ્બરમના આવાસ પર પહોંચી હતી. કોંગ્રેસના કાર્યકરોની સાથે મારામારી પણ થઈ હતી. ઘણા સમય સુધી હાઈડ્રામાબાજીનો દોર ચાલ્યો હતો. સ્થિતિને સામાન્ય બનાવવા પોલીસને મદદ લેવામાં આવી હતી. તે પહેલા ભ્રષ્ટાચારના કેસમાં ધરપકડને ટાળવા ૪૮ કલાકથી વધુ સમય સુધી લાપતા રહ્યા બાદ પૂર્વ નાણામંત્રી ચિદમ્બરમ આજે મોડી સાંજે કોંગ્રેસ હેડઓફિસ પહોંચ્યા હતા. ચિદમ્બરમે પોતે ફરાર હોવાના અહેવાલને રદિઓ આપતા કહ્યું હતું કે, તેમને અને તેમના પુત્ર કાર્તિને ફસાવવામાં આવી રહ્યા છે. બીજીબાજુ ચિદમ્બરમના આવાસ ઉપર સીબીઆઈની ટુકડી પહોંચી ચુકી હતી અને તપાસનો દોર શરૂ કર્યો હતો. બીજી બાજુ સીબીઆઈની ટુકડી દિવાલ કુદીને તેમના આવાસ ઉપર પહોંચી ગઈ હતી. પત્રકાર પરિષદમાં ચિદમ્બરમે કહ્યું હતુંકે, તેઓ આઈએનએક્સ મીડિયા કેસમાં આરોપી નથી. સરકાર ઉપર પ્રહાર કરતા ચિદમ્બરમે કહ્યું હતું કે, તેઓ અને તેમના પરિવારના સભ્યો કોઈ કેસમાં આરોપી નથી. સ્વતંત્રતા લોકશાહીની સૌથી મોટી જીત છે. ચિદમ્બરમે કહ્યું હતુ કે, જો તેમને જીવન અને સ્વતંત્રતા વચ્ચે કોઈ ચીજની પસંદગી કરવા માટે કહેવામાં આવે તો તેઓ સ્વતંત્રતાને પસંદ કરશે. તેમના વકીલોએ સુપ્રીમ કોર્ટમાં જવા કહ્યું હતું અને તેમની સલાહ મુજબ આગળ વધ્યા છે. અગાઉ આજે દિવસભર ઘટના ક્રમનો દોર ચાલ્યો હતો. ચિદમ્બરમની આગોતરા જામીન માટેની અરજી પર સુપ્રીમ કોર્ટે

● અનુસંધાન પાન-૭ પર

## મુંબઈથી દિલ્હી માત્ર ૧૦ કલાકોમાં પહોંચી શકાશે

**રાજધાની એક્સપ્રેસથી વહેલી તકે પહોંચાશે : હાલ ખરાબ ઇન્ફ્રાસ્ટ્રક્ચરના કારણે મર્યાદિત સ્પીડ છે**



મુંબઈ,તા. ૨૧

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીથી મુંબઈની વચ્ચે દોડનાર રાજધાની એક્સપ્રેસમાં સફર કરનાર લોકોને હવે રાહત થશે. કારણ કે સમયમાં થોડાક ઘટાડો થનાર છે. રેલવે દ્વારા ઈન્ફ્રાસ્ટકચર ને વધુ શાનદાર બનાવવા માટે વર્ષ ૨૦૨૩ સુધી તમામ પગલાને પૂર્ણ કરવામા આવનાર છે. ઈન્ફ્રાસ્ટકચરને સુધારીને વર્ષ ૨૦૨૩ સુધી પ્રવાસના સમયમાં કાપ મુકવામાં આવનાર છે. આની સાથે પ્રવાસ સમયને પાંચ કલાક ૪૫ મિનિટ સુધી બચાવી શકાય છે. પ્રવાસના સમયને હવે પાંચ કલાક અને ૪૫ મિનિટ સુધી ઘટાડી દેવામાં આવનાર છે. હાલમાં અ પ્સા ૧૫ કલાક અને ૪૫ મિનિટ સુધીનો છે. ઈન્ફ્રાસ્ટકચર કમજોર હોવાના કારણે હાલમાં સમયસર ટ્રેનો પહોંચી શકતી નથી. સાથે સાથે અન્ય અનેક પ્રકારની તકલીફો પણ આવી રહી છે. હવે આ વ્યવસ્થામાં ઝડપથી સુધારા કરવા માટે રેલવે દ્વારા તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. રેલવે દ્વારા ઈન્ફ્રાસ્ટકચરને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.

# ચંદ્રયાન-૨નો ચંદ્રની બીજી કક્ષામાં પ્રવેશ

**બીજી કક્ષામાં સફળતાપુર્વક પ્રવેશ થઈ ગયું : ચંદ્રયાન-૨ ૨૮ ઓગસ્ટના દિવસે ત્રીજી કક્ષામાં પ્રવેશશે**

નવી દિલ્હી, તા. ૨૧

ચંદ્રયાન-૨ દ્વારા એક પછી એક સફળતા હાંસલ કરવામાં આવી રહી છે. આજે બપોરે ૨.૫૦ વાગે ચંદ્રયાને ચંદ્રની બીજી કક્ષામાં પ્રવેશ કરી લીધું હતું. બીજી કક્ષામાં પ્રવેશ કરવાની પ્રક્રિયા કુલ ૧૨૨૮ સેકન્ડ એટલે કે આસરે ૨૦ મિનિટ ૪૬ સેકન્ડમાં પુર્ણ થઈ હતી. ઈસરો દ્વારા આ અંગેની માહિતી આપવામાં આવી હતી. આ ક્રમમાં તમામ ગતિવિધી સામાન્ય બનેલી છે. હવે ચંદ્રયાન-૨ ૨૮મી ઓગસ્ટના દિવસે ત્રીજી કક્ષામાં પ્રવેશ કરશે. તેની પ્રક્રિયા સાંજે ૫.૩૦ શરૂ થશે અને ૬.૩૦ પુર્ણ થશે. ચંદ્રયાન-૨ ચંદ્રની સપાટી પર સાતમી સપ્ટેમ્બરે ઉતરશે. ભારતીય સ્પેસ એજન્સી ઈસરોએ ૨૨મી જુલાઈના દિવસે ચંદ્રયાન-૨ની સફળ લોન્ચિંગની સાથે જ એક નવો ઈતિહાસ રચી દીધો હતો. ચંદ્રયાન-૨ શ્રીહરિકોટાના લોંચ સ્થળથી ચંદ્ર સુધીની ત્રણ લાખ ૮૪ હજાર કિલોમીટરની યાત્રા ઉપર નિકળી ગયા બાદ ભારતની સાથે સાથે વિશ્વભરમાં ઈસરોએ પોતાનો ડંકો વધાર્યો હતો. આજે ચન્દ્રયાન-૨ ચન્દ્રની કક્ષામાં પ્રવેશ કરવાની સાથે જ ૧૩૦ કરોડ ભારતીયો લોંચની સાથે જ ગર્વથી અને ખુશીથી ઝુમી ઉઠ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, શ્રીહરિકોટાથી લોન્ચિંગના ૨૯ દિવસ બાદ

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

**ફ્રાન્સે પણ કાશ્મીર મુદ્દે ભારતનું સમર્થન કર્યુ**

ફ્રાન્સે પણ કાશ્મીર મુદ્દે ભારતનું સમર્થન કર્યું છે. ફ્રાન્સના યુરોપ અને વિદેશ મામલાઓના પ્રવક્તા જ્યાં-વેસ લે ડ્રાયને કહ્યું કે કાશ્મીર પર અમારી નીતિ સ્પષ્ટ છે. આ મામલો ભારત-પાકને દ્વીપક્ષીય રાજકીય વાતચીત દ્વારા ઉકેલવાનો છે. આ પહેલા ડ્રાયને પાકિસ્તાની વિદેશમંત્રી શાહ મહેમૂદ કુરેશી સાથે મંગળવારે ફોન પર વાત કરી હતી.

**મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી બાબુલાલ ગૌરનું નિધન**

મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા બાબુલાલ ગૌરનું બુધવારે નિધન થયું છે. તેઓ છેલ્લા ઘણા સમયથી બિમાર હતા. ૭ ઓગસ્ટના રોજ તેમની તબિયત વધારે બગડી હતી તેથી તેમને તાત્કાલિક ધોરણે ભોપાલની નર્મદા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

**ઉત્તરાખંડમાં પૂર પ્રભાવિત વિસ્તારમાં રાહત સામગ્રી લઇ જતું હેલિકોપ્ટર ક્રેશ**

ઉત્તરાખંડમાં પૂર પ્રભાવિત વિસ્તારમાં રાહત સામગ્રી લઈને જઈ રહેલું એક હેલિકોપ્ટર ક્રેશ થઈ ગયું છે. હેલિકોપ્ટર દેહરાદૂનથી સામગ્રી લઈને ઉડ્યું હતું અને મોલડીના આરાકોટ જઈ રહ્યું હતું. ઉત્તરકાશી પહોંચતા વીજળીના તારને અડી જતાં તે ક્રેશ થયું હતું. આ દુર્ઘટના અંગે એસડીએમ દેવેન્દ્ર નેગીએ જણાવ્યું કે, હેલિકોપ્ટરમાં સવાર ત્રણ લોકોનાં મોત થયા છે.

**કર્ણાટક ભાજપના અધ્યક્ષપદે નલીન કુમાર કટીલ નિમાયા**

ભાજપે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના હત્યારા નાથુરામ ગોડસેનું સમર્થન કરનાર નલીન કુમાર કટીલને કર્ણાટકમાં મોટું પદ આપ્યું છે. જાહેર કરાયેલી વિજ્ઞપ્તિ પ્રમાણે પાર્ટી અધ્યક્ષ અમિત શાહે કટીલને ભાજપના નવા પ્રદેશ અધ્યક્ષ તરીકે નિમણૂક કરી.

# કાશ્મીરમાં રક્તપાત સર્જવા આઇએસઆઇની યોજના

**આઇએસઆઇ દ્વારા ત્રાસવાદીઓની મોટાપાયે ભરતી શરૂ કરાઇ : યુવાનોને ત્રાસવાદી સંગઠનોમાં સામેલ થવા અને તેમને હથિયારોની તાલીમ આપી ત્રાસવાદી બનાવવા માટેની ખતરનાક હરકતોમાં આઇએસઆઇ વ્યસ્ત**



શ્રીનગર, તા. ૨૧

જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપતી કલમ ૩૭૦ને નાબુદ કરવામાં આવ્યા બાદ પાકિસ્તાનની સતત ઉંઘ હરામ થયેલી છે. જેના ભાગરૂપે કાશ્મીરમાં રક્તપાત જારી રાખવા અને અસ્થિરતાના માહોલને જાળવી રાખવા માટે તેના દ્વારા દરેક હરકત કરવામા આવી રહી છે. એકબાજુ પાકિસ્તાન દ્વારા જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદીઓને ઘુસાડી દેવા માટે અંકુશ રેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ પર યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર જારી રાખવામાં આવ્યો છે. બીજી બાજુ હવે પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા કુખ્યાત આઈએસઆઈ પણ સીધી રીતે રક્તપાત ફેલાવવા માટે સક્રિય થઈ રહીલ છે. જેનાી ભાગરૂપ પાકિસ્તાનની આ જાસુસી સંસ્થા કલમ ૩૭૦ની નાબુદી બાદ ત્રાસવાદીઓની સીધી ભરતી માટે તૈયાર છે. આની શરૂઆત પણ કરવામાં આવી છે. તેના દ્વારા મોટા પ્રમાણમાં ભરતી કરવામાં આવી રહી છે. યુવાનોને ગેરમાર્ગે દોરવા માટે કેટલાક કુખ્યાત અને જાસુસી કરનાર લોકોને જવાબદારી પણ સોંપવામાં આવી છે. જમ્મુ કાશ્મીરમાં તેને નિષ્ફળતા મળ્યા બાદ તે પોક અને પાકિસ્તાનના ગેરમાર્ગે દોરાયેલા યુવાનોને ત્રાસવાદી તાલીમ આપવા તૈયાર છે. ત્રાસવાદી ગતિવિધી કાશ્મીરમાં જારી રાખવાના બનતા તમામ પ્રયાસો થઈ રહ્યા છે. પ્રાપ્ત માહિતી મુજબ આઈએસઆઈ યુવાનોને ત્રાસવાદી સંગઠનમાં સામેલ થવા અને તેમને ત્રાસવાદી ટ્રેનિંગ લેવા માટે ઉશ્કેરી રહી છે. ઈન્ડિયન ઈન્ટેલિજન્સને આ મુજબની ચોંકાવનારી માહિતી

● અનુસંધાન પાન-૭ પર

## ટ્રમ્પે ફરી કાશ્મીર રાગ આલાપ્યો

વૉશિંગ્ટન,તા. ૨૧

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે પોતે આ સપ્તાહાંતે ફ્રાન્સમાં નિર્ધારિત ૯૭ શિખર સંમેલન દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળશે અને કશ્મીરમાંની પરિસ્થિતિ અંગે ચર્ચા કરશે. ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં એમની ઓવલ ઓફિસમાં પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું કે હું વડા પ્રધાન મોદીને મળવાનો છું. ફ્રાન્સમાં સપ્તાહાંતે અમે મળવાના છીએ. મને લાગે છે કે અમે ભારત અને પાકિસ્તાન વચ્ચેની તંગદિલીને ઉકેલવામાં મદદ કરીશું.

ઉલ્લેખનીય છે કે, હજી સોમવારે જ ટ્રમ્પે મોદી અને પાકિસ્તાનના વડા પ્રધાન ઈમરાન ખાનને અલગ અલગ રીતે ફોન કર્યો હતો અને એમની સાથે કશ્મીર મુદ્દે ચર્ચા કરી હતી.

ટ્રમ્પે પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું કે ભારત અને પાકિસ્તાન વચ્ચે ઘણી સમસ્યાઓ છે અને એ ઉકેલવા માટે હું મધ્યસ્થી કરવાના કે બીજું કંઈ પણ કરવાના શ્રેષ્ઠ પ્રયાસો કરીશ. મારે બંને જણ (મોદી અને ઈમરાન) સાથે સારા સંબંધો છે, પણ એ બંને (ભારત અને પાકિસ્તાન) હાલ સારા મિત્રો નથી.

## યોગી કેબિનેટનુ વિસ્તરણ, ૧૮ નવા મંત્રીઓ ઉમેરાયા

**યોગી સાથે કેબિનેટનુ સંખ્યાબળ ૫૬ થયુ : રાજ્યપાલ આનંદીબેન પટેલે તમામને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા : સારી કામગીરી બદલ સાતને ઇનામો**



લખનૌ,તા. ૨૧

ઉત્તરપ્રદેશમાં આજે યોગી આદિત્યનાથ કેબિનેટનુ વિસ્તરણ કરવામાં આવ્યુ હતુ. આની સાથે જ હાલમા ચાલી રહેલી તમામ અટકળોનો અંત આવી ગયો છે.બે વર્ષના લાંબા ગાળા બાદ યોગી કેબિનેટનુ પ્રથમ વિસ્તરણ કરવામાં આવ્યુ હતુ. ૧૯મી માર્ચ ૨૦૧૭ના દિવસે યોગી આદિત્યનાથે રાજ્યના મુખ્યપ્રધાન તરીકે શપથ લીધા હતા. બે વર્ષના ગાળા બાદ આ પ્રથમ વિસ્તરણ કરવામાં આવ્યુ છે. યોગી કેબિનેટનુ વિસ્તરણ કરીને ૧૮ નવા પ્રધાનોને સામેલ કરવામાં આવ્યા છે. નીલકંઠ તિવારીને રાજ્યમંત્રીમાંથી બઢતિ આપી રાજ્યમંત્રી સ્વતંત્ર પ્રભાર તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. બીજીબાજુ યાદવ પરિવારના ગઢમાં ખાતુ ખોલનાર રામનરેશ અગ્નિહોત્રીને કેબિનેટ મંત્રી બનાવવામાં આવ્યા છે. કમલા રાની

● અનુસંધાન પાન-૭ પર

# સેંસેક્સમાં વધુ ૨૬૮ પોઈન્ટનો ઘટાડો

મુંબઈ, તા. ૨૧

શેરબજારમાં આજે ભારે મંદીનુ મોજુ ફરી વળ્યુ હતુ. બેકિંગ શેરમાં નબળાઈ જોવા મળી હતી. કારોબારના અંતે સેસેક્સ ૨૬૮ પોઈન્ટ ઘટીને ૩૭૦૬૦ની નીચી સપાટી પર બંધ રહ્યો હતો. નેશનલ સ્ટોક એક્સચેંજ ખાતે નિફ્ટી ૯૮ પોઈન્ટ ઘટીને ૧૦૯૧૯ની સપાટી પર બંધ રહ્યો હતો. દિવસ દરમિયાનના કારોબારમાં સેંસેક્સ ૩૭૪૦૬ની ઉંચી સપાટી પર અને ૩૭૦૨૨ની નીચી સપાટી પર રહ્યો હતો. આવી જ રીતે નિફ્ટી ૧૧૦૩૪ની ઉંચી સપાટી પર અને ૧૦૯૦૬ની નીચી સપાટી પર રહ્યો હતો. બીએસઈની આઠ કંપનીઓના શેરમાં તેજી રહી હતી. જ્યારે ૨૨ શેરમાં મંદી રહી હતી. એનએસઈમાં ૧૧ કંપનીના શેરમાં લેવાલી જામી હતી. આવી જ રીતે ૩૯ કંપનીઓના શેરમાં વેચવાલી રહી હતી. શેરબજારમાં અર્થતંત્રમાં નવા પ્રાણ ફૂંકવા માટે સરકાર દ્વારા કોઈ પેકેજ જાહેર કરવામાં આવશે તેને લઈને આશા રહી હતી પરંતુ કોઈ સ્ટીમ્યુલસ પેકેજ ન દેખાતા મંદીનું મોજુ ફરી વળ્યું છે. ડોલર સામે રૂપિયામાં પણ અફડાતફડી રહી હતી. વિદેશી મૂડીરોકાણકારોએ ઓગસ્ટ મહિનાના પ્રથમ હાફમાં મૂડી માર્કેટમાંથી નેટ આધાર પર ૮૩૧૯ કરોડ રૂપિયા પાછા ખેંચી લીધા છે. આની સાથે જ ભારતીય માર્કેટમાંથી જંગી નાણાં પાછા ખેંચવાનો સિલસિલો જારી રહ્યો છે. એફપીઆઈ ટેક્સ અને ગ્લોબલ ટ્રેડ ચિંતાને લઈને અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

સાબરમતી નદી ઉપર સાદરા માધવગઢ પાસે ચેકડેમના ૨૩૦ કરોડ રૂપિયાની બજેટમાં જોગવાઈ કરવા બદલ અભિનંદન

શ્રી વિજયભાઈ રૂપાણી
માન. મુખ્યમંત્રીશ્રી

શ્રી નિતીનભાઈ પટેલ
નાયબ મુખ્યમંત્રીશ્રી

શ્રી શંભુજી ઠાકોર
ધારાસભ્યશ્રી, ગાંધીનગર

શિવપુરા કંપા દૂધ ઉત્પાદક મંડળી

પ્રશાંત પટેલ
સેક્રેટરી

શાન્તિલાલ પટેલ
ચેરમેન

મા. મુખ્યમંત્રીશ્રીએ શિવપુરાકંપાની મુલાકાત લીધી તે બદલ આભાર વ્યક્ત કરતા શિવપુરાકંપાના ગ્રામજનો....